વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT

૧૫ ઓક્ટોબર, ૨૦૧૯ Vol. 13 No. 10

## એ ૪૯ ની રજુઆત જાણે રેશનાલીસ્ટોની !

મણી રત્નમ્

શ્યામ બેનેગલ

અનુરાગ કશ્યપ

સૌમીત્રા ચેતરજી

૪૯

શુભા મદ્‌ગલ

રેવાથી

રામચંદ્ર ગુહા

સૌમીત્રો ચેતરજી

અપર્ણા સેન

વિનાયક સેન

આશીષ મંદી
વગેરે, વગેરે...

નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satyanveshan.com પર જાઓ.

# બે લીંબુવાળા આપણા રાજનાથસીંહ




મોદી સરકાર હવે અંધશ્રદ્ધા અને વહેમનું વૈશ્વીકીકરણ કરવા આગળ વધી છે. આમ કરીને આપણા હજારો નહીં લાખો લંગોટધારી બાવાઓ, નાગા બાવાઓ, ઢબુડી જેવી માતાના વેશમાંના પુરુષોને દેશપરદેશમાં અંધશ્રદ્ધા અને વહેમના પ્રચાર-પ્રસાર માટે મોકલવામાં આવશે. આપણા માનનીય સાંસદ પ્રજ્ઞા ઠાકુરને ખાસ આ ખાતાના પ્રધાન બનાવવામાં આવશે. એના શ્રી ગણેશાય આપણા મોદી પછીના બે નંબરના કેબીનેટ મંત્રી અને હમણાં સંરક્ષણ ખાતુ સંભાળતા રાજનાથસીંહે ફ્રાંસમાં કરી દીધા છે. જે રાફેલ વીમાન આખા દેશનું રક્ષણ કરશે એવા દાવા કરવામાં આવ્યા છે, તે રાફેલ પોતે અરક્ષીત હોવાની રાજનાથસીંહને ખાતરી થઈ. રાફેલનું રક્ષણ તો મેઈડ ઈન ફ્રાંસ(કદાચ ભારતમાંથી જ લઈ ગયા હોય !) એવા લીંબુ જ કરી શકે ! એક ડોબા કર્મચારીએ રાફેલની પૈંડાની નીચે એક લીંબુ મુકયું. લીંબુ લટકાવ્યું. રાજનાથસીંહને ખાતરી હતી અને છે કે રાફેલની નીચે બે લીંબુ મુકાય તો જ એ પુરુ સલામત રહે. આથી બીજું લીંબુ એમણે તરત મંગાવ્યું. રાફેલની નીચે બે લીંબુ મુકાયા ! હવે અરક્ષીત રાફેલ સુરક્ષીત થયાની સુરક્ષા મંત્રીને ખાતરી થઈ. ત્યારબાદ અંધશ્રદ્ધા અને વહેમને વૈશ્વીકસ્તરે મુકવા માટે બીજી વીદી કરવામાં આવી.

ત્યારબાદ રાજનાથસીંહ રાફેલમાં બેઠા. નીચે બે લીંબુ નીચોવાયા ત્યારબાદ રાફેલ ઉડયું. બીલકુલ સલામત ! રાફેલનો વીચાર વહેતો કરતા વૈજ્ઞાનીકો અને તેને પુરુ તાકાતવર બનાવનારા ટેકનીશીયનોને ત્યારે ખરેખર આખી જીંદગી ઘાસ કાપવાની અનુભુતી થઈ. એ લોકોએ ‘બાધા’ લીધી કે હવે પછી રાફેલ લીંબુના રસથી અને નારીયેળના પાણીથી જ તૈયાર કરવાના. લોખંડ વાપરવામાં આવે તો ‘લોખંડની પનોતી’ થાય એટલે લોખંડ બીલકુલ વાપરવાનું નહીં. અનધીકૃત રીતે જાણવા મળ્યું છે કે ફ્રાંસમાંના મોદી ભકતોએ પોતાના બનાવેલ શનીમંદીરમાં શનીની પુજા કરીને, રાજનાથસીંહે ભારતનો નવો માલ ‘અંધશ્રદ્ધા અને વહેમ’ વીશ્વના બજારમાં તરતો મુકયો છે તેની વૈશ્વીક એજન્સી લેવા માટે તૈયારી કરી દીધી છે. તેઓ મોદી ભકતો છે એટલે એમને એ એજન્સી મળશે જ એની એમને ખાતરી છે.

**સત્યાન્વેષણ**

# સત્યાન્વેષણ

**મુખ્ય સંપાદક**

**સુર્યકાન્ત શાહ**

**સંપાદક મંડળ**

**બી. એ. પરીખ** **સીદ્ધાર્થ દેગામી** **સુનીલ શાહ**

**પ્રેમ સુમેસરા** **મનસુખ નારીઆ**

**૧૫ ઓક્ટોબર, ૨૦૧૯** **સળંગ અંક : ૩૩૫** **Vol. 13 No. 10**


('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)

## એ ૪૯ ની રજુઆત જાણે રેશનાલીસ્ટોની !

**–સુર્યકાન્ત શાહ**

રેશનાલીઝમ તરફ આગળ વધવામાં એક અવરોધ દુભાતી ધાર્મીક લાગણીનો છે. બધા જ ધર્મો તર્કની એરણ પર અને હકીકતની ભુમી પર અવાસ્તવીક અને ઘણીવાર સમાજવીરોધી પુરવાર થાય છે. આ પરીસ્થીતી હોવા છતાં કોઈપણ ધાર્મીક મુદ્દાને જે કોઈક નીર્દોષ ભાવે પણ તર્કની એરણ પર લે અથવા / અને હકીકતના માપદંડે તપાસે તેટલા માત્રથી જે તે ધર્મના આગેવાનો અને ભકતોની લાગણી 'દુભાઈ' જાય છે, તેઓ તે માટે શેરી તોફાનો, ખુન અને અદાલતોનો સુદ્ધા આશરો લઈ પેલા નાગરીકની બોલતી બંધ કરી દે છે. ધર્મની અનેક વાતો પર જાહેરમાં સંશય કરવાનું આથી રુંધાય છે, અને કેટલીકવાર તો બંધ થઈ જાય છે.

છેલ્લા પાંચ-છ વર્ષમાં આ 'દુભાતી લાગણી' માં એક વધારાનો મુદ્દો ઉમેરાયો છે, અને તે 'રાષ્ટ્રાભીમાન'નો. કોઈ એક નાગરીક પોતાના રાષ્ટ્ર પરત્વે પ્રેમાદર રાખે એટલે કે રાષ્ટ્રપ્રેમ - રાખે તે રાષ્ટ્રાભીમાનીઓને અપુરતુ લાગે છે. આથી તેઓ એવા દેશપ્રેમી નાગરીકને શંકાથી જોવા માંડે છે. છલોછલ દેશપ્રેમ રાખ્યા પછી જો એ નાગરીક જણાવે કે, 'હજી આપણા દેશમાં જાહેર રસ્તા પરનો કચરો કાઢવા માટે ખુદ પ્રધાનમંત્રીએ ઝાડુ ઉપાડવું પડે તે આપણા બધા માટે શરમજનક છે. દેશ માટે આ સારું નથી.' પરીણામ એ આવે છે કે અનેક ફોટા પડાવનારા, જાહેરમાં કચરો કાઢીને તસવીરો, અખબારો અને ઈલેક્ટ્રોનીક માધ્યમોમાં ફરતા થાય તેની કાળજી રાખનારા પેલા નાગરીકે દેશમાંની ગંદકી માટે જાહેરમાં બોલવાનું રાખ્યું,

**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી** દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ

તે દેશ 'રાષ્ટ્રદ્રોહ' ગણાય તેવો કકળાટ કરી મુકે છે. એકવાર 'રાષ્ટ્રદ્રોહ' હેઠળ જો ફર્સ્ટ ઈન્ફોર્મેશન રીપોર્ટ એટલે કે એફ. આર. આઈ. પોલીસ નોંધી દે, કેટલાક સત્તાધારીઓને ઈશારે તેઓ એક એફ.આઈ.આર. નોંધવા માટે અતી ઉત્સાહી હોય છે, એટલે પેલા નાગરીક પર તો કડકમાં કડક સજાની તલવાર લટકતી થઈ જાય છે.

આવું જ દેશના ૪૦ પ્રબુદ્ધ નાગરીકો સાથે હમણાં થઈ ગયું. એમણે આપણા પ્રધાનમંત્રીને ખુલ્લો પત્ર લખવાનો રાષ્ટ્રદ્રોહ (!) કર્યો. એમાં એમણે રૅશનાલીસ્ટોની અદાથી જણાવેલું કે 'જાહેરમાં અને દીવસના અજવાળામાં કેટલાંક ટોળાં અન્ય નાગરીકોનું ખુન કરે છે, અને દેશમાં સર્વત્ર ધીક્કાર ફેલાવવામાં આવે છે. આ બાબત ચીંતાજનક છે.' વધુમાં એમણે પ્રધાનમંત્રી પર ભરોસો કેમ મુકયો તે સમજાતું નથી. છતાં મુકયો અને તે દુર કરવા વીનંતી કરી.

દેશની 'ગંદકી' (કઈ ?) માટે જાહેરમાં ચીંતા વ્યકત કરનાર આમીરખાનથી માંડી નસરુદ્દીન શાહ જેવા નાગરીકોની જે દશા થઈ તેવી જ દશા આ ૪૯ પ્રબુદ્ધોની કરવા માટે બીહારના મુઝફ્ફરપુરના એક રાષ્ટ્રાભીમાની (?) એ કરી. એક ફરીયાદમાં એણે જણાવ્યું કે, 'આ ૪૯ લોકોએ 'ટોળાં દ્વારા હત્યા'ની હકીકત જાહેરમાં મુકીને દેશદ્રોહ કર્યો છે. વીદેશોમાં ફરી ફરીને વીશ્વમાં જેઓ $CO_2$ સૌથી વધારે ઉત્સર્જીત કરે છે તેમાંના એક આપણા પ્રધાનમંત્રી દેશની છબીને માંજી માંજીને ઉજળી કરે છે ત્યારે આ ૪૯ દેશદ્રોહીઓ વીદેશોમાં આવા ઉજળા (!) ચહેરા પર ધુળ ઉડાડે છે. આથી એ ફોજદારી ગુનો બને છે.' ઉત્સાહી પોલીસો તરત જ એની એફ.આઈ.આર. બનાવી, અને ન્યાયતંત્ર પર શંકાની સોય ઉડે એટલી ત્વરીતતાથી મુખ્ય મેજીસ્ટ્રેટ સુર્યકાન્ત તીવારીએ તે એફ.આઈ.આર. સ્વીકારીને એ ૪૯ વીરુદ્ધના રાષ્ટ્રદ્રોહના આરોપને તપાસ હેઠળ લીધો ! અદાલતો પણ જો આ કહેવાની 'રાષ્ટ્રાભીમાન'ની લાગણી દુભાઈ છે તેવા આરોપને સ્વીકારતી થઈ જાય તો આ દેશમાં રૅશનાલીઝમનું કાર્ય કરનારાઓ માટે આવતા દીવસો દુષ્કર છે એવી આગાહી કર્યા વીના રહેવાતું નથી.

દેશના કેટલાક સંચાર માધ્યમોના સંચાલકો અને પત્રકારોનો માંહ્યલો હજી મુર્છા પામ્યો નથી. એમણે જાહેરમાં આ પગલાને ધુત્કાર્યો. ફરી પાછા બીજા અકકલ વગરના (?) ૧૮૦ પ્રબુદ્ધો જાગ્યા. એમણે આ પગલાને જાહેરમાં વખોડયો. મોદી સરકારને પોતાનો અણગમો દર્શાવ્યો. દાભોલકરના ખુનથી માંડી ચીન્મયાનંદના બળાત્કાર સુધીના અસામાજીક તત્ત્વો પરત્વે ખંધુ મૌન જાળવનાર મોદી સરકારે આ બાબતમાં પોતાની નીર્દોષતા (?) દર્શાવતું નીવેદન કરવું પડયું. પેલા ૪૯ નહીં, પણ ફરીયાદી 'એકલો પડી' ગયો, અદાલતને નીચાજોણું થયું અને પોલીસ બચાવ કરવાની પરીસ્થીતીમાં રહી જ નહીં. આથી એણે આ દાવો ખેંચી લીધો ! આ એક બનાવ સુચવે છે કે રૅશનાલીસ્ટોએ પોતાના એજન્ડાને આગળ વધારવા વધારે સંગઠીત થઈને વધારે બોલકા અને આવા કહેવાતા રાષ્ટ્રભીમાનીઓને ખુલ્લા પાડવા માટે હીંમત દાખવવી જોઈશે. તો જ, આ વહેમ-અંધશ્રદ્ધાના સરકારના પ્રોત્સાહન હેઠળ ઉઠેલ સુનામીને અંકુશમાં રાખી શકાશે.

# રેશનાલીઝમને કટ્ટરતાથી બચાવીએ....

-તંત્રીલેખ

આદી કાળમાં માણસ પ્રકૃતીપ્રેરીત જીવન જીવતો હતો.

ભુખ લાગે ત્યારે ખાતો, અને તરસ લાગે ત્યારે પીતો...માણસોએ સમુહમાં અને ટોળામાં રહેવાની શરુઆત કરી ત્યારથી નીતી-નીયમોની જરુર પડી. એમાંથી ધર્મની શોધ થઈ. ધર્મ સ્થાપનાનો હેતુ નૈતીકતા અને સદાચાર હતો....કાળક્રમે ધર્મનું સંચાલન સ્થાપીત હીતોના હાથમાં આવવાથી કર્મકાંડ અને વીધીવીધાન જેવા બાહ્યાચારો ધર્મમાં ઘુસી ગયા, અને ધર્મની નૈતીકતાના આંચળા હેઠળ સૌથી વધારે અનૈતીકતા ફૂલવા અને ફેલાવવામાં આવી....

ધર્મ અને ઈશ્વરના નામે ફેલાવવામાં આવતી અનૈતીકતા અને અનીષ્ટની સામે એક વીવેકપુત વીચારધારા અસ્તીત્વમાં આવી, અને એને વીવેકબુદ્ધીવાદ (રેશનાલીઝમ) તરીકે ઓળખવામાં આવી...

ઈતીહાસ સાક્ષી છે કે કોઈપણ વીચારધારામાં કટ્ટરતા અને જડતા પ્રવેશે ત્યારે એ વીચારધારાને આગળ વધવામાં અવરોધ ઉભો થતો હોય છે. કોઈપણ વીચારધારાના-પ્રચાર-પ્રસારમાં અને ફેલાવામાં એ વીચારધારામાં રહેલી લવચીકતા ઓઈલીંગનું કામ કરતી હોય છે....એવું કહેવાય છે કે તથાગત બુદ્ધ અને મહાવીર સ્વામી સમકાલીન હતા. જૈન ધર્મ કાળક્રમે કર્મકાંડ અને દેહદમનમાં સરી પડયો, જયારે બૌદ્ધ ધર્મ પોતાની ફ્લેકસીબીલીટીના કારણે દેશ દેશાવરમાં ફેલાયો અને પ્રસર્યો...

આ નીયમ રેશનાલીઝમની વીચારધારાને પણ લાગુ પડે છે...જીવન જીવવાની જો કોઈ ઉત્તમ અને ઉમદા વીચારધારા જગતમાં હોય તો તે વીવેકબુદ્ધીવાદ છે...

વીવેકબુદ્ધીવાદ શ્રેષ્ઠતમ વીચારધારા હોવા છતાંય એને જે મહત્ત્વ મળવું જોઈએ એ નથી મળતું. એનું શું કારણ ? બધાં જ ક્ષેત્રે સારાં-નરસાં એમ બે પાસાં હોય તેમ આજ-કાલ રેશનાલીઝમના ક્ષેત્રમાં પણ કેટલાક તથાકથીત રેશનાલીસ્ટો રેશનાલીઝમની પોતાની મનઘડત વ્યાખ્યા કરીને પોતાનો હેતુ સીદ્ધ કરવાની કોશીશ કરી રહ્યા છે. કેટલાક તો એવું માને છે કે નાસ્તીક થઈ ગયા એટલે જાણે રેશનાલીસ્ટ થઈ ગયા...!

નાસ્તીકતા એટલે જ રેશનાલીઝમ એવું નથી. નાસ્તીકતા એ રેશનાલીઝમની એક પુર્વશરત છે. રેશનાલીઝમની વીચારધારાને સૃષ્ટીના અને માનવ જીવનના સમગ્ર પરીપ્રેક્ષ્યમાં વીચારવું રહયું... જે લોકો રેશનાલીઝમના પ્રચાર-પ્રસારમાં ઝનુનપુર્વક, જડતાપુર્વક અને કટ્ટરતાથી લાગ્યા છે, એ લોકો અંતે તો રેશનાલીઝમની વીચારધારાને જ નુકસાન પહોંચાડી રહયા છે. ઉપરાંત કેટલાક તથાકથીત રેશનાલીસ્ટો એવું કહી રહયા છે કે, અમે કહીએ છીએ એ જ સાચું રેશનાલીઝમ છે...

હમણા રેશનાલીઝમના ક્ષેત્રે એક વર્ગ એવો ઉભો થયો છે કે જે રેશનાલીઝમના પ્લેટફોર્મનો ઉપયોગ પોતાની જ્ઞાતી-જાતીના સમુહના ઉદ્ધાર કરવાના હેતુથી સક્રીય થયો છે...એમને મન 'રેશનાલીઝમ એટલે અમારો ઉદ્ધાર' !! રેશનાલીઝમમાં કયારેય જ્ઞાતી-જાતી કે કોમને સ્થાન હોઈ જ ના શકે...

રેશનાલીઝમની વીચારધારા તો સમગ્ર મનુષ્ય જાતને સ્પર્શતી વીચારધારા છે...તો રેશનાલીઝમ જેવી ઉમદા વીચારધારાને આવી કટ્ટરતા, કટુતા, જડતા અને ડંખ જેવા અનીષ્ટોથી બચાવીએ...

---

## સત્યશોધક સભાનાં પ્રકાશનો

| | |
|---|---|
| (૧) વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ રૂા. ૫૦ | - ડો. બી. એ. પરીખ |
| (૨) ચમત્કારોં ની ભીતરમાં રૂા. ૩૦ | - સીદ્ધાર્થ દેગામી |
| (૩) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ | - ડો. બી. એ. પરીખ |
| (૪) આપણો માંદો સમાજ રૂા. ૩૦ | - સુર્યકાન્ત શાહ |
| (૫) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તી) રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૬) ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૭) જ્યોતીષ વીજ્ઞાન નહીં, મીથ્યા કલ્પના રૂ. ૩૦ | -ડો. બી. એ. પરીખ |
| (૮) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/- | -સુર્યકાન્ત શાહ |

---

### આપણે અપનાવવા જેવું

**કેરાળાની વીધાનસભામાં શીક્ષણમંત્રી પ્રો. સી. રવીન્દ્રનાથે માહીતી આપી હતી કે ૨૦૧૮-૧૯ના શૈક્ષણીક વર્ષ દરમીયાન ધો. ૧ થી ૧૨માં અભ્યાસ કરતા ૧,૨૪,૧૪૪ વીદ્યાર્થી ભાઈ-બહેનોએ પોતાની કોઈ જ્ઞાતી અને ધર્મ નથી તે દર્શાવવા તે માટેની કોલમ ખાલી રાખી હતી. આપણે પણ આ અભીગમ અપનાવવા જેવો છે.**

# 'અમારાવાળા', 'તમારાવાળા' અને હું

**–ડૉ. શરીફા વીજળીવાળા**

હમણાં-હમણાં ગુજરાતના વાતાવરણમાં અમારાવાળા - તમારાવાળાનો ગણગણાટ નારામાં પલટાવા માંડયો છે. વારેવારે ઈતીહાસને ટાંકનારાઓ, ઈતીહાસમાંથી પાઠ ભણવાને બદલે પુનરાવર્તન કરવાનું જાણે કે પ્રણ લઈ બેઠા છે. વીભાજનની  વરવી અને દારુણ વાસ્તવીકતા હજી તો એવી ને એવી લોહી ઝરતી સામે ઉભી છે તો ય પાઠ ભણવાને બદલે આ શું આદરી બેઠા છીએ આપણે ? શા માટે આ આગઝરતાં ભાષણો ? કેમ આ થઈ બેઠેલા ધર્મના રખેવાળોના બેફામ બોલવા પર કોઈ કરતાં કોઈ લગામ નથી નાખતું ? ટુંકી દ્રષ્ટીના નેતાઓ માત્ર ચુંટણી જ જોઈ શકે છે ? એમને 'અમારા ૫૦૦ મરશે તો બદલામાં તમારા ૫૦ હજાર મારીશું'વાળી ભાષા કયા ભયાનક ભાવી બાજુ સમાજને લઈ જશે એ નથી દેખાતું ? બેઉ બાજુના થોડાક આવા અંતીમવાદીઓના બેફામ બકવાસથી સમાજનો એક મોટો વર્ગ દોરવાઈ રહયો છે. ડર લાગે એટલી હદે ગુજરાતના મધ્યમવર્ગનું માનસપરીવર્તન થઈ રહયું છે એ જોવા-સમજવા કોઈ કેમ તૈયાર નથી ? આ માનસપરીવર્તન લાંબા ગાળાથી ચાલતી આવતી પ્રક્રીયાનું  પરીણામ છે એવી ઘણા દલીલ કરે છે, પણ મને એ દલીલ બહુ ગળે નથી ઉતરતી. ગુજરાતની આમ પ્રજા વેપારી માનસ ધરાવે છે, પણ હવે તો છડેચોક વીષના વાવેતર થઈ રહયા છે. આનો પાક આપણે બધાએ લણવો પડશે. એ ગુજરાતની શાણી પ્રજા સમજે છે ખરી ?

આખી પ્રજા અચાનક - સાવ અચાનક આ હદે 'ધાર્મીક' થઈ બેઠી છે ત્યારે વ્યકતી તરીકે મને પ્રશ્નો જ પ્રશ્નો થઈ રહયા છે. (મારા જેવા પ્રશ્નો બીજાઓને પણ થતા હશે કદાચ.) નાનપણ સૌરાષ્ટ્રના ખોબા જેવડા ગામડામાં વીતવાને કારણે મેં ધર્મને હંમેશાં ઉંબરાની અંદરે રે'તો જોયેલો. નોરતા, હોળી, દિવાળી મને કદી પણ પારકાં નો'તા લાગ્યાં. ભણવા માટે વડોદરા ગઈ ત્યાં સુધી ગામ આખાયની બહેનોને શ્રાવણ મહીનામાં ચોથ-પાંચમ, સાતમની વાર્તાઓ લાંબા લહેકે સંભળાવવાનો મારો ઈજારો હતો. કોઈ પણને ત્યાં કથા હોય, કે ભજન...રાંદલનો ઘડો ખુંદવાનો  હોય કે દેદો કુટવાનો હોય, અમારી બેઉ બહેનો વગર કોઈનો પાટલો નો'તો ખસતો. કૃષ્ણજન્મની આરતી કે રાધાકૃષ્ણનાં ગીતો, ખેંચાઈ ગયેલા મેહુલીયાને મનાવવાનાં ગીતોમાં મારી માને કોઈ ના  પહોંચે. ગુરુકુળમાં ભણવાને કારણે

ગાયત્રી, હનુમાનચાલીસા, મધુરાષ્ટક બધું જીભના ટેરવે. છાશવારે થતાં હોમહવનોમાં નારીયેળ હોમતી વખતે 'ખોટું' નહીં બોલું, ખોટું નહીં કરું, પ્રામાણીક રહીશ ને શાકાહારી બનીશ.' એવી પ્રતીજ્ઞાઓ ઉત્સાહથી લીધેલી ને વર્ષોથી 'અમે શુદ્ધ શાકાહારી છીએ ને કેક પણ નથી ખાતા.' એવું ગૌરવભેર (મુરખની જેમ) કહેતી આવી છું. મને કદી પણ હું બાકીના બધાથી જુદી છું એવું લાગેલું જ નહીં. 'હું તમારા જેવી જ છું અને તમારા ધરમ કે ભગવાનનું મને તમારા કરતાંય વધુ આવડે છે.' એવું દેખાડવા હું કાયમ તત્પર રહી છું. આ 'તમારા જેવા' દેખાવા માટે જ ઘરનાનો આટલો બધો વીરોધ છતાં હું મારા ચાંદલાની સાઈઝ વધારતી ગઈ હઈશને ?

જેમ-જેમ મોટી થતી ગઈ. ભણવા ગઈ. બધા વચ્ચે રહેતી થઈ એમ વ્યકતી તરીકે મારા પ્રશ્નો વધતા ગયા, મારી આસપાસ જીવનારાં બધાં કાંઈ શાકાહરી નથી. બધાં બેફામ જીવે છે. કોઈને રામાયણ-મહાભારત, ગીતા કે લોકસંસ્કૃતી કશા સાથે કોઈ જાતની લેવાદેવા નથી, પણ એ બધાંએ પોતાની જાત માટે કંઈ પુરવાર કરવાનું નો'તું. એમને કોઈ અફસોસ પણ નો'તો ને તોય એ બધા એક હતા. પણ હું જુદી હતી. કેમ ? હોસ્ટેલમાં ટોળામાં બેસીને મેચ જોવાતી હોય. ભારતની હારથી પેટમાં શારડી ફરતી હોય ત્યાં કોઈક સંભળાવી જાય, 'તમારાવાળા જીત્યા એટલે તને તો ખુશી થઈ ગઈ હશે નહીં ?' ને હું કાળઝાળ થઈ ઉઠતી. મારાં વાણી-વર્તન, રહન-સહન બધું જ બધાં જેવું હોવા છતાં આવો કટાક્ષ મારે આજે પણ સાંભળવાનો થાય છે. મને મારા નામ બદલ કદી કોઈ અફસોસ નો'તો, નથી. પણ આ 'તમારાવાળી' ગાળ મારો પીછો કેમ નથી છોડતી એ મારો પ્રશ્ન છે. હું વધુ ને વધુ 'તમારા જેવી છું.' દેખાડવાની મથામણમાં ફસાતી ગઈ. ધર્મગ્રંથો ઈતીહાસમાંથી પસાર થઈ અમુક ટકાની આ પ્રકારની માનસીકતા સમજતી, સ્વીકારતી થઈ. પણ છેલ્લા થોડા વખતથી પલ્ટાયેલાં સમીકરણોએ ફરીથી મને પ્રશ્નો જ પ્રશ્નો કરતી કરી દીધી છે. હવે બહુ મોટો વર્ગ, જેમાં બુદ્ધીજીવીઓનો પણ સમાવેશ થાય છે, અમારાં-તમારાંના સમીકરણોમાં ફસાયો છે. અચાનક આપણે આગળ વધવાને બદલે જાણે પીછેહઠ આદરી છે !

મને આશ્ચર્ય થતું અને થાય છે, મારા માટે મારી આસપાસના કેટલા બધા મુસ્લીમોને આવા કોઈ પ્રશ્નો નથી નડતા ! એમણે જાણે એમનું જુદાપણું સ્વીકારી લીધું છે ! પણ મને પ્રશ્નો જંપવા નથી દેતા. કેમ હું માત્ર માણસ તરીકે ના જીવી શકું ? સુરતમાં હું ઘર

લેવા નીકળી ત્યારે માણસ હોવાની મારી ધારણાના પાયા હચમચી ગયેલા. શહેરના દરેક ખુણેથી દરેક બીલ્ડરે મને ના પાડેલી. કેવા હતા એ જવાબો ! 'તમને આપીશ તો અમારા બાકીના ફ્લેટ્સ ના વેચાય.' 'તમે લોકો તો પેલું બધું ખાવ ને ?' 'ના, ભાઈ ના. તમારા મીયાંઓનો શો ભરોસો ?' 'તમારા વીસ્તારમાં લો ને, અહીં અમારા ભેળા શું કામ ?'

આ જવાબોમાં મારા વજુદને તળે ઉપર કરી નાંખેલ. ગાંડાની જેમ હું દલીલો કરતી રહી, લડતી રહી, પણ હું દીવાલો સાથે માથું અફાળતી હતી. હકીકત તો આ જ હતી. મારી સાથે કામ કરનાર એસસી-એસટી બહેનોને ઘર મળતું હતું, પણ મને નહીં. હું તમારા બાળકોને ભણાવી શકું. પણ તમારા પાડોશમાં ન રહી શકું. કેમ ? કેમ ? હું માત્ર માણસ હોઉં, ભારતીય હોઉં તો મારો કોઈ ખાસ વીસ્તાર ખાસ શા માટે હોય ? હું બાકી બધાની જેમ ઈચ્છા થાય ત્યાં કેમ ના રહી શકું ? ઘર લેતી વખતે કેમ બાકીના બધાએ જાતજાતના ખુલાસા નથી આપવા પડતા ? હું શાકાહારી છું. એવું મારે જ કેમ બીલ્ડરને કહેવાનું ? નામ સાંભળતા વેંત શા માટે સત્તર જાતના સવાલોનો સામનો કરવાનો ? મારે જ કેમ વારેવારે 'હું તમારા જેવી જ છું' એવું દેખાડયા કરવાનું ?' કેમ મારે જ વારેવારે આ દેશ પ્રત્યેની મારી વફાદારી પ્રગટ કરતા રહેવાની ? બાકીના બધા આવું કરે છે ? પ્રશ્નો જ પ્રશ્નો છે. પાયાનો પ્રશ્ન તો એ છે કે મને આ સજા શા માટે આપવામાં આવી છે ? નામ બદલ ? ઈતીહાસનો ભાર નીર્દોષ ખભાઓ ઉપર શા માટે ખડકવામાં આવે છે ? ભુતકાળની ઘટનાઓ માટે વર્તમાનને શા માટે દોષી ઠેરવાય છે ? બેચાર અંતીમવાદીઓનો ભોગ આખો વર્ગ શા માટે બને ? પ્રશ્ન કરે છે જાત, આજ સુધી તેં ઈતીહાસને ખભેથી ખંખેરી નાંખવાની વ્યર્થ કોશીશ સીવાય કશું કર્યું છે ખરું ? ને તો ય પરીણામ ? આ થઈ બેઠેલા ધર્મના રખેવાળો ઈતીહાસને બમણા ભાર સાથે મારા ખભા પર ખડકી રહયા છે.

મને એક બીજો પ્રશ્ન થાય છે. મેં માણસ બનવાની કોશીશ કરી, હીંદુ કે મુસલમાન નહીં. એ કયાંક ખોટી તો નો'તી ને ! કારણ કે હીંદુ કે મુસલમાન બેઉને બહુ પ્રશ્નો નથી કરતી જાત. તમે આ કે તે ધર્મના થઈ જાઓ તો કોઈ એક વીસ્તારના દરવાજા તો ખુલવાના જ. પણ અહીં તો બેઉ બાજુ કાળમીંઢ પાણા સાથે અફળાવવાનું થાય છે ! 'તું જરાય મુસ્લીમ નથી લાગતી. અમારા જેવી જ લાગે છે, મીત્રો કહેતા ત્યારે હું મુરખની જેમ રાજી થતી. આજે હવે ભ્રમનો એ પરપોટો ફુટી ગયો છે. મેં માણસ થવાનું પસંદ કર્યું. પણ

સમાજને નર્યા માણસનો કયાં ખપ છે ! વ્યકતી તરીકે સહજ સ્વીકાર થઈ શકે એ માટે કેટલા વર્ષોની કેટલી કોશીશ પણ પરીણામ તો સમુહ તરીકે જ ભોગવવાનું થયું. બે-પાંચ જણ કહેશે, 'અમે નથી માનતા આવા ભેદમાં. અમે તો માણસને માનીએ છીએ.' આ વીષમય વાતાવરણમાં મારો એ બે-પાંચને સવાલ છે : તમારી આવી માન્યતાને કોણ સ્વીકારે છે ? કોણ માને છે કે સાંભળે છે તમારું ? છે કોઈ જવાબ ?

(એમની 'હાર્મની'પુસ્તીકામાંથી સાભાર)

## પ્રગતી તો રેશનાલીઝમથી જ શકય બનશે !

જેનું ખુન કરી નાંખવામાં આવ્યું છે તે નરેન્દ્ર દાભોલકર સ્થાપીત 'અંધશ્રદ્ધા નીર્મુલન સમીતી' આયોજીત આંતરરાષ્ટ્રીય રેશનલ કોન્ફરન્સ, ઓગષ્ટમાં મુંબઈમાં મળી ગઈ. આ કોન્ફરન્સમાં ભારત ઉપરાંત ઈટાલી, યુ. કે. મોરોકકો જેવા દેશોમાંથી પણ ડેલીગેટો આવ્યા હતા. આ કોન્ફરન્સનો મુખ્ય થીમ હતો. 'મુકત વૈચારીકતા.' આ થીમ પર ચર્ચા કરતા વકતાઓએ જણાવ્યું કે જમણેરી અને સસ્તી લોકપ્રીયતા શોધતાં તત્ત્વો લોકોને મુકત રીતે વીચારતા રોકે છે. પ્રચાર દ્વારા મુકત રીતે વીચારવાની લોકોની શકતીને છીનવી લે છે, અને રેશનાલીઝમને અછુત વીચાર ગણવામાં આવે તેવા કરતુતો કરે છે. પરીણામે વહેમો, કાળા જાદુ અને ફરેબી વીજ્ઞાનો વીરુદ્ધના જંગને વીપરીત અસર પડે છે. એક બાજુ પ્રગતી દ્વારા લોકો વધારે ભૌતીક સુખની અભીપ્સા રાખે છે, અને બીજી બાજુ જમણેરી અને સસ્તી લોકપ્રીયતા નેતાઓની પકડમાં આવી ગઈ છે. આવું જો ચાલુ રહેશે, લોકો સ્વતંત્ર રીતે વીચારતા થશે નહીં, અને રેશનાલીઝમ સ્વીકારશે નહીં, એમને ભૌતીક સુખ આપતી પ્રગતી અને આનંદનો સ્વાદ ચાખવાનો મળવાનો જ નથી. જમણેરીઓ એમની સડેલી વીચારધારાને ફેલાવવા માટે બધા જ પ્રકારની હીંસાનો આશરો લે છે. ભારતમાં તો ફરેબી વીજ્ઞાન અને તેમાંથી સર્જાતી સંકીર્ણ વીચારધારાઓ જેમ કે બહુમતીના ધર્મની શ્રેષ્ઠતા, ઉન્માદ જન્માવતો રાષ્ટ્રવાદ તેમ જ વ્યકતી ભકતીએ લોકોનો ભરડો લીધો છે. આ બધા સામે રેશનાલીસ્ટોએ શાંતીથી અને બૌદ્ધીક પાયે ઉભા રહીને રીતસર આંદોલન ચલાવવું પડશે. આમ કરવાથી દાભોલકરની જેમ પીસ્તોલમાંથી છુટતી ગોળીના ભોગ પણ બનવાનું થાય. રેશનાલીસ્ટોમાં આ સંદર્ભે શહીદ થવાની તૈયારી રાખવી જોઈએ. આમ, આ કોન્ફરન્સે રેશનાલીસ્ટોને ભાવી પથદર્શન કરાવ્યું હતું.

# પુર આવે ત્યારે રામધુન કેમ નહીં ?

**–એન. વી. ચાવડા**

ચોમાસાની ઋતુ શરુ થયા પછી પણ જયારે વરસાદ પડતો નથી ત્યારે આપણા કેટલાક લોકો ઈશ્વરને વરસાદ મોકલવાની પ્રાર્થના કરવા માટે રામધુન યોજે છે, તો કેટલાક લોકો કુંડાના પાણીમાં બેસી મંત્રજાપ કરે છે, પરંતુ જયારે ધોધમાર વરસાદ પડે અને નદીઓમાં પુર આવે અને માણસો ચારે બાજુથી પાણીથી ઘેરાઈ જાય છે ત્યારે પાણીના આવા ભયાનક પુર ઓસરી જાય તે માટે કયારેય કોઈ રામધુન કરવા માટે કે મંત્રજાપ કરવા માટે બેસતું નથી ! એમ કેમ,  અને શા માટે ?

વાસ્તવમાં માણસને ઈશ્વરમાં ફસાવી રાખવા માટે સ્થાપીત હીતો કાયમ જાતજાતના કાવતરાં કરતા રહેતા હોય છે. રામધુન કરવાથી, યજ્ઞ કરવાથી અને મંત્રજાપ કરવાથી વરસાદ પડે છે એવી માન્યતા એ સ્થાપીત હીતોનું એક ષડયંત્ર છે. ચોમાસામાં વરસાદ થવાની ગમે ત્યારે શકયતા હોય છે. તેની શકયતાનો આ સ્થાપીત હીતો લાભ ઉઠાવે છે. લાગે તો તીર, નહીં તો તુકકો ! રામધુન કરવા છતાં વરસાદ પડે તો દાવો જોરદાર રીતે રજુ કરી શકાય છે કે પ્રાર્થના કરવાથી વરસાદ પડયો.

બીજી બાજુ રામધુન કરવાથી પાણીના પુર ઓસરી જાય એની શકયતા હોતી નથી. તેથી સ્થાપીત હીતો તે વખતે કોઈ જોખમો લેતા નથી, કારણ કે રામધુનથી પાણીના પુર ન ઓસરવાથી લોકોની ઈશ્વર ઉપરની શ્રદ્ધા ઉઠી જવાનો અને પ્રાર્થનાની નીષ્ફળતાનો લોકોને ખ્યાલ આવી જાય છે.

**: ચીંતન કણીકાઓ :** **–સંપાદન : મોહન પટેલ**

* પ્રત્યેક ક્ષણ આનંદથી માણો. માનવીય અભીગમથી રેશનલ બની વીવેકબુદ્ધીવાદથી વૈજ્ઞાનીક જીવન જીવો તો સર્વાંગી પ્રગતી થઈ શકે.

* ‘ભગવાન’ શબ્દનું મારે મન કોઈ મહત્ત્વ નથી. માનવ નબળાઈની એ અભીવ્યકતી અને પેદાશ હોવા કરતા એનામાં કશું વીશેષ નથી. બાઈબલ ભલે સન્માનીય હોય તો પણ વાસ્તવમાં એ તો અકકલ વગરની અને બાલીશ દંતકથાઓનો સંગ્રહ છે.

  **–આલ્બર્ટ આઈન્સ્ટાઈન**

* ડો. એ. પી. જે. કલામ ‘ભારત રત્ન’ નું મહત્ત્વનું કથન છે કે, ભારત દેશ વીચારોથી ગરીબ છે.

* હીન્દુસ્તાનનો મહા રોગ તે આળસ છે. –ગાંધીજી

# વાચકોના મીતભાષી અભીપ્રાયો

* **નરેશકુમાર જે. પરમાર, કલોલ, મો–૯૯૦૯૦ ૫૬૭૪૯ :** આજના સમયમાં લોકો વાંચવા તૈયાર નથી તેવા સમયમાં આપ લખી રહયા છો અને એ પણ ધાર્મીક અંધશ્રદ્ધા અને જાતીવાદ, શોષણવાદ, જુથવાદ, પ્રાન્તવાદ અને શીક્ષણના નામે વેપાર વગેરે વીરુદ્ધ. ભયાનક સુનામી સામે દોડવા જેવું કામ આપની ટીમ કરી રહી છે તેમજ આપના દરેક અંકમાં જોરદાર, સચોટ લેખનકાર્ય દ્વારા લોકોને સાચુ જીવન જીવવા માટે પ્રેરીત કરી રહયા છો તે તમામને કોટી કોટી વંદન છે.

આપના લેખોમાં આપે ઉજાગર કરેલ છે કે સ્વરાજ મેળવવા માટે જાતીગત વ્યવસ્થા અને ભેદભાવ દુર કરવો પડે. વસ્તી ગણતરીમાં ધર્મ કે જ્ઞાતીનો ઉલ્લેખ કરવો જરૂરી નથી. જે દેશમાં શાળા અને પ્રયોગશાળા કરતા ધાર્મીક સ્થાનકો વધુ ભવ્યાતીભવ્ય હોય એ દેશનું ભવીષ્ય ઉજ્જવળ નથી. ધાર્મીક અફીણની ગોળીઓ પીવડાવીને નશામાં રાખી રાજકારણીઓ પોતાનો રાજકીય રોટલો શેકી રહયાં છે. ફકત ધાર્મીક સ્થાનકોમાં પડી રહેલી અરબોની સંપત્તી સરકાર હસ્તક લઈ લેવામાં આવે તો આ દેશમાં ગરીબી કે મંદી જેવો માહોલ હોય જ નહીં, પણ કરવું કોને ? કોઈકે સરસ કહયું કે એ ‘બચ્ચા બોલ, દેખ કર મંદીર-મસ્જીદ આલીશાન ખુદા તેરે એક કા ઈતના બડા મકાન ?

વધુ ના લખતા સાહેબ આપનું આ લેખનકામ કદી પણ બંધ ન કરતા. સારાં કામો હંમેશાં સમય માંગી લે છે અને દુનીયાનું સૌથી અઘરું કામ લોકોને ધાર્મીક ગુલામીમાંથી બહાર કાઢવાનું છે, અને એ આપની ટીમ કરી રહી છે. હું ઘણી જગ્યાએ નાનો મોટો નાણાંકીય સહયોગ આપું છું. માટે મે નકકી કર્યું છે કે દર મહીને હું આપને રૂા. ૧૦૦ સહયોગ રાશી આપીશ તો આશા રાખું છું કે આપ તેનો સહર્ષ સ્વીકાર કરશો.

‘સત્યાન્વેષણ’ના તમામ સાથીઓ અને તમામ વાચકો સભ્યોનું ચારેકોરથી ભલુ થાવ.

## વાચકોને વીનંતી

**હવે ટુંક સમયમાં ૨૦૨૧ની વસતી ગણતરી શરુ થશે. એ પ્રસંગે તમે જરુરથી જણાવો કે તમે ધર્મ - જ્ઞાતી વીહોણા (No Religion) છે. આ સંદર્ભે ચંડીગઢની હાઈકોર્ટે આપેલો ચુકાદો સ્પષ્ટ દર્શાવે છે કે ’ધર્મવીહોણા’ થવા માટે કોઈ વૈધાનીક કાર્યવાહીની જરુર નથી. કોઈપણ વ્યકતી તે સ્વયંભુ થઈ શકે છે અને જાહેર કરી શકે છે.**

## સુરતમાં યોજાયેલ રમણ પાઠક વ્યાખ્યાન માળા – મણકો– ૯ માં શ્રી રમેશભાઈ સવાણીનું ઉદ્‌બોધન

## રમેશભાઈ સવાણીએ પહેલા એક સવાલ દર્શાવીને એના જવાબ આપતું વ્યાખ્યાન આપ્યું હતું

### સૌથી ઉપર કોણ ? મંદિર / મસ્જીદ / ચર્ચ ઈશ્વર / ખુદા / ગોડ કે માણસ ?

૧. સૌથી ઉપર માનવી છે; એની ઉપર કોઈ ન હોઈ શકે; ન મંદીર, ન મસ્જીદ, ન ઈશ્વર, ન ખુદા, ન ગોડ. દરેક વ્યવસ્થાના કેન્દ્રમાં માણસ હોવો જોઈએ. ગાંધીજી / ભગતસીંહ આવું માનતા હતા; તેઓ વાસ્તવવાદી હતા. આ વીચાર ધારાને રેશનાલીઝમ કહેવાય. ‘સાભાર ઉપર માનુષ સત્ય.’ લોકોને ઠોકર મારીને તમે રેશનાલીઝમમાં કંઈ ન કરી શકો. માનવવાદ પ્રથમ.

૨. જો તમારામાં સંવેદનશીલતા હોય; માનવતાવાદી અભીગમ હોય; જો તમે શોષણનો ભોગ બનેલા હો; જો તમને માનવમૂલ્યો ગમતા હોય; જો તમને સત્ય, અહીંસા, ભદ્રતા, પ્રેમ, વીશ્વાસ, શાંતી, પ્રગતી, સુખ ગમતા હોય તો વાસ્તવીક બનો; રેશનલ બનો.

૩. જયાં જડતા હોય, વીવેકભાન ન હોય, સારાસારનું પ્રમાણભાન ન હોય; ત્યાં જો ધર્મ હોય તો પણ એનાથી કોઈ ફાયદો ન થાય; ઉલટાનું દુખ વધે. આપણી પાસે આંખો છે, પણ દ્રષ્ટી નથી.

૪. ચોમાસામાં વરસાદ પડે; શીયાળામાં ઠંડી પડે, ઉનાળામાં ગરમી પડે; આ બધી કુદરતી ઘટના છે; જેમાં કોઈ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પણ ફેરફાર કરી શકે નહીં; આવી સમજ; આવી જાગૃતીને વાસ્તવીકતા કહેવાય; રેશનલ અભીગમ કહેવાય; રેશનાલીઝમ કહેવાય.

૫. યજ્ઞ કરવાથી કે બીડી પીવાથી વરસાદ ન પડે. એના માટે આકાશમાં વાદળાં હોવા જરૂરી છે. વૃક્ષો હોવા જરુરી છે. આવી સમજને રેશનાલીઝમ કહેવાય.

૬. રેશનાલીઝમ એટલે વીવેકબુદ્ધી. સારુ શું. ખરાબ શું; સત્ય શું, અસત્ય શું; તે પારખવાની શકતી. આ વીચારશકતીના અભાવના કારણે માનવી દુખી થાય છે.

૭. રેશનાલીઝમ જ માણસને સુખ તથા આનંદનો અનુભવ કરાવી શકે છે, ધર્મ/ ઈશ્વરનું આ કામ નહીં.

## ધર્મ મહાન કે નીતી ?
## આપણે અતી ધાર્મીક છીએ, પરંતુ નૈતીક બીલકુલ નથી, કેમ ?

* આપણે ધર્મમાં માનીએ છીએ; પરંતુ નીતીમાં માનતા નથી. આપણે ધર્મમાં માનીએ છીએ; પરંતુ સમાનતામાં માનતા નથી. આપણે ધર્મમાં માનીએ છીએ; પરંતુ ન્યાયમાં માનતા નથી. આપણે ધર્મમાં માનીએ છીએ; પરંતુ બંધુત્વમાં માનતા નથી. આપણે ધર્મમાં માનીએ છીએ; પરંતુ માણસાઈમાં માનતા નથી. આપણે અતી ધાર્મીક છીએ; પરંતુ નૈતીક બીલકુલ નથી.
* પોલીસ સ્ટેશનમાં માતાજીના ફોટાઓ લટકાવીને પોલીસ શું કરે છે; તેનો અનુભવ છે. આશ્રમોમાં બાપુઓ સગીર બાળાઓ સાથે વીકૃત હરકતો કરે છે. મંદીરોના સાધુઓ નાનાં બાળકો સાથે ન કરવાનું કરે છે. ટેકસચોરી કરીને મંદીરોમાં સોનું ચડાવીએ છીએ. કાળાધંધા કરીને સખાવતો કરીએ છીએ. શોષણ કરીને કથાઓ કરીએ છીએ. આ બધું સમાજને છેતરવા માટે કરીએ છીએ; ભ્રામક શાંતી, ભ્રામક સુખ માટે કરીએ છીએ; પણ ન શાંતી મળે કે ન સુખ મળે; કેમ કે ભીતરની ચેતનાને સડો લાગેલો હોય છે.

**શ્રેષ્ઠ કોણ, શાળા કે મંદીર ?**

* તમારાં બાળકોને, ભણવાની તીવ્ર ઈચ્છા છે; પણ ફીનો પ્રશ્ન છે; તમારાં બાળકો ન ભણે તે માટે જ શીક્ષણનું વેપારીકરણ કરવામાં આવ્યું છે; પણ તમને ચાલાકીપુર્વક કથા/સપ્તાહ/ઉપવાસ/દેવદર્શન/ઉત્સવોમાં જોતરી દેવામાં આવ્યા છે; જેથી તમે સ્વપ્નાઓમાં ખોવાયેલા રહો. તમને શાળા કરતા મંદીર મહત્વનું લાગે છે; મંદીરે અન્યાય દુર કર્યો હોય તેવો એક દાખલો મળવો મુશ્કેલ છે; જયારે શાળાએ-શીક્ષણે અનેકને ડૉકટર/એન્જીનીયર/પ્રોફેસર/IPS/કલેકટર બનાવ્યા છે.
* તમો મંદીરનો/કથાનો/મોટા લાડવાનો ઝંડો પકડાવી દેનારાઓ ચાલાક હોય છે; સ્વાર્થી હોય છે. કોઈ ભરવાડ આપણને ઝંડા પકડાવી જાય છે; આપણે તેની પાછળ ઘેટાંની જેમ દોટ મુકીએ છીએ; ઘેટાં ન બનો. ભકત ન બનો.

**શું ધાર્મીક વીધીઓ કરવાથી કાળા કામો માફ થઈ જાય છે ?**

* સત્યનારાયણની કથા કરવાથી પ્રસાદનું સુખ મળે; તે સીવાય કોઈ ફાયદો ન થાય. કાળાં કામો માફ ન થાય. ઠગાઈ માફ ન થાય. અનીતી માફ ન થાય. અસત્યનું આચરણ કરવાથી મીલકત બને, પરંતુ ભીતરની ચેતના મરી જતી હોય છે; પછી મોટામોટા મંચ ઉપર ગમે તેટલા હારતોરા થાય ત્યારે દંભી સુખ સીવાય કંઈ મળતું નથી.
* કથા કરાવવાથી પુણ્ય ન મળે; ઉદ્ધાર ન થાય; મોટા મહોત્સવો કરવાથી સમાજમાં પ્રતીષ્ઠા મળે પણ જાત સાથે ઠગાઈ કરવી પડે.
* કારીગરોનું શોષણ કરી, કરોડો રૂપીયાનું દાન આપનારા; મંદીરોને સોનેથી મઢનારા; કથાઓ બેસાડનારા; **અસામાજીક તત્વ કહેવાય;** માનવ અધીકારોનું હનન કરીને માનવતાનો દેખાડો કરનારા 'કલાકાર' છે.

**આપણને માણસમાં માણસ કેમ દેખાતો નથી ?**

* ગાંધીજીના આશ્રમમાં કોઈ જગ્યાએ રામનો ફોટો કે મુર્તી ન હતી. તેમના માટે વંચીત/દરીદ્ર ઈશ્વર હતો; તેમના માટે માનવધર્મ સર્વોચ્ચ સ્થાને હતો; તમે માનવની વાત કરો તો ઠગ ઈસમોને ગમતું નથી; તે તમને હીન્દુનો સીક્કો મારશે; પછી જ્ઞાતી-જાતીનો સીક્કો મારશે. મને એ સમજાતું નથી કે કોઈ વીધર્મીને હીન્દુ બનવું છે; હીન્દુ બની શકે, પણ એને એક પણ જ્ઞાતીમાં પ્રવેશ ન મળે.
* **ધર્મ કરતાં જ્ઞાતી મહાન; કેવી વીકૃતી !** સંસ્થાના નામ જયારે 'વીશ્વ પરીષદ' 'આંતરરાષ્ટ્રીય પરીષદ' રાખો છો ત્યારે આ મુદ્દો તો વીચારો ! **આપણી વીવેકશકતીને ધાર્મીક-ઉધઈ લાગી ગઈ છે; જેમાં કાગડામાં પીતા દેખાય; ગાયમાં માતા દેખાય; પથ્થરમાં ભગવાન દેખાય; પણ માણસમાં માણસ નથી દેખાતો !**
* ગોવર્ધનરામ ત્રીપાઠીએ 'સરસ્વતીચન્દ્રમાં લખ્યું છે : **"ધર્મના માધ્યમથી ઈશ્વરને મેળવવા જતા માણસ, માણસનો દુશ્મન બની જાય છે. ધર્મમાં અતીશય આસ્થા રાખનાર માણસ, માણસમાં આસ્થા ટકાવી શકતો નથી, અને ધર્મના રક્ષણ માટે માણસને મારવા તૈયાર થઈ જાય છે."**

**આપણને નીર્દોષની હત્યા કરીને ગૌરવ લેવાનું કેમ સુઝે છે ?**

* સૌરાષ્ટ્રમાં હીન્દુ-મુસ્લીમનો પ્રશ્ન ગંભીર નથી; ત્યાં સામંતવાદી તત્વોની ભારે રંજાડ છે. ત્રીશુળ વીતરણ કરનારનું આ બાબતે ધ્યાન દોર્યું ત્યારે તેણે કહ્યું હતું. સામંતવાદી તત્વો હીન્દુ છે; એટલે એને સાથે રાખવા પડે !
* આપણને એ ખબર નથી કે જેને ભયંકર ગુંડાઓમાં હીન્દુ દેખાતો હોય તેની માનસીકતા પ્રદુષીત કહેવાય. આવી વીચારધારા અસંખ્ય હીન્દુઓને અન્યાય કરે છે, અસંખ્ય હીન્દુઓનું શોષણ કરે છે.
* આપણે હીન્દુત્વ માટે અવીચારી કૃત્યો કરીએ છીએ; ટોળામાં ભેગા થઈને વીધર્મીની હત્યા કરવામાં ગર્વ કરીએ છીએ; આવા નકલી દેશપ્રેમ કે ધર્મકાર્યના કારણે સ્વર્ગમાં અપ્સરાઓની લાલચમાં આપણે માનવદ્રોહી કૃત્યો કરીએ છીએ.

**શીક્ષણ/રોજગાર/આરોગ્ય/સુરક્ષા – આ મુળ પ્રશ્નો એક બાજુએ મુકીને ધાર્મીક ઝંડા લઈને આપણે કેમ દોડીએ છીએ ? કોના કહેવાથી દોડીએ છીએ ?**

* યુવાનોએ હીન્દુ-મુસ્લીમ, જાતી-જ્ઞાતી, અને ધાર્મીક લાગણીના નામે અંદરોઅંદર લડવાના બદલે શીક્ષણ, રોજગાર, આરોગ્ય, સુરક્ષાના અધીકાર માટે સંઘર્ષ કરવાનો છે; ધાર્મીક ઝંડાને બદલે અધીકરોની જાગૃતીના ઝંડા લઈને નીકળવાનું છે. યુવાનોએ કોઈ પાર્ટીના ભકત બનવાને બદલે પોતાની સમસ્યાઓના નીરાકરણ માટે આંખો ખોલવાની જરૂર છે.
* આપણે આસ્તીક નથી બનવાનું; વાસ્તવીક બનવાનું છે. આપણે પશુ બનવાનું નથી; માણસ બનવાનું છે.

**આપણા ધાર્મીક / સામાજીક / રાજકીય નેતાઓ આપણું શોષણ કેમ કરે છે ?**

* દરેક સમાજમાં; સામાજીક, રાજકીય અને ધાર્મીક નેતાઓ. પોતાનું વર્ચસ્વ બનાવીને બેઠા છે, તેઓનું લોહી ઉંમર સાથે ઠરી ગયું છે, તેમનામાં નવું કરવાનો જુસ્સો નથી, તેમનામાં બદલાવ લાવવાનું ઝનુન નથી, સમાજને આગળ લઈ જવાની ભાવના કરતાં પોતે કેમ આગળ વધે; એ સ્વાર્થ છે. ધર્મ, રાજકારણ અને સમાજની ટોચ ઉપર, શરીર અને વીચારોથી વૃદ્ધ થઈ ગયેલાં ચાલાક નેતાના એકહથ્થા શાસન

સામે યુવાનોએ બળવો કરવો પડશે. વીચારોથી ઘરડા થઈ ગયેલાં નેતાઓ, સમાજમાં અંધશ્રદ્ધા, અતીશ્રદ્ધા અને રુઢી ચુસ્તતાનો પ્રચાર કરતા ધાર્મીક ઠેકેદારો સામે, અને સમાજને પોતાના કંટ્રોલમાં રાખી સમાજનું શોષણ કરતા આગેવાનો સામે બોલવું પડશે; જો મુંગા રહેશો તો તમારી ખાંધ ઉપરથી તેઓ કયારેય ઉતરશે નહીં.

**શા માટે આપણી આંખો ખુલતી નથી ? શા માટે આપણો વીવેક જાગૃત થતો નથી ?**

* વીચારના વીરોધીઓ તમને ભકત બનાવી દેવા ઝનુની બન્યા છે. તમે ચોકકસ નેતાને ટેકો નહીં આપો તો દેશ સલામત નહી રહે; વીકાસ રુંધાઈ જશે. તમારે જયજયકાર કરવો જ પડે. તમે ચોકકસ વ્યકતીની જય ન બોલો તો તમે દેશદ્રોહી છો.
* દંભ તો હીમાલય કરતાય ચડીયાતો છે; રાષ્ટ્રગીત ગાતા આવડતું ન હોય, છતાં રાષ્ટ્રવાદના સર્ટીફીકેટ વહેંચે છે. સ્વઘોષીત રાષ્ટ્રવાદીઓ, હાડોહાડ રેશનલ ભગતસીંહનો પણ પોતાના સંકુચીત વીચારોના પ્રચાર માટે ભયંકર દુરુપયોગ કરી રહ્યા છે.

**લોકશાહી, ઈન્ડસ્ટ્રીઝમાં પરીવર્તીત થઈ રહી છે, કેમ ?**

* લોકોના પ્રતીનીધીઓની જથ્થાબંધ ખરીદી ચાલે છે; તમે લાચાર છો; લોકશાહી-ઈન્ડસ્ટ્રીઝમાં પરીવર્તીત થઈ રહી છે. કોર્પોરેટ હાઉસ/ક્રોની કેપીટાલીસ્ટને રાજા મહારાજાનો દરજ્જો આપ્યો છે, અને આપણી પાસેથી નાગરીકનો દરજ્જો છીનવી આપણને પ્રજામાં પરીવર્તીત કરાઈ રહ્યા છે. અફસોસ આ પરીવર્તન આપણે હોંશેહોશે સ્વીકારી રહ્યા છીએ. તેઓ આપણને નફરતનું ઝેર પાઈ રહ્યા છે; આપણે ખુશીથી ગટગટાવી રહ્યા છીએ. તમે સમસ્યા રજુ કરો તો તમને રાષ્ટ્રવાદનો ઝંડો પકડાવી દે છે.

**બધી જ સમસ્યાઓનો ઉકેલ ધર્મગ્રંથોમાં નથી, રેશનાલીઝમમાં છે, કેમ ?**

* ભવ્ય સંસ્કૃતીના નામે, તમારા માનસમાં મનુસ્મૃતી કાળના વીચારો રોપવામાં આવી રહ્યા છે; બધા જ કથાકારો જુનવાણી વીચારોનું સંવર્ધન કરી રહ્યા છે; આપણા હાથમાં મોબાઈલ છે; આપણે સેટેલાઈટ મારફતે વાતચીત કરી રહ્યા છીએ; વીજ્ઞાને આપેલી સર્વોત્તમ ભેટ આપણા હાથમાં છે; રામ અને કૃષ્ણ પણ આ સુવીધાથી વંચીત રહી ગયા હતા; આમ છતાં આપણે જુનવાણી/અંધશ્રદ્ધાળુ/ અતીશ્રદ્ધાળું વીચારો

છોડી શકતા નથી. કથાકારો/ગુરુઓ/બાબાઓ/પ્રગટ બ્રહ્મસ્વરૂપો/જ્ઞાતીના આગેવાનો પોતાના સ્વાર્થ ખાતર આપણા વીવેકચક્ષુ ખુલી ન જાય તે માટે પાટા બાંધી રહ્યા છે. આ પાટા આપણે જાતે જ ખોલવા પડશે. આ પાટા રેશનાલીઝમ જ ખોલી શકે. કથાકારો કહે છે કે બધી જ સમસ્યાઓનો ઉકેલ રામાયણમાં છે; ખોટું, સાવ ખોટું, પરંતુ ભગતસીંહે કહ્યું છે કે બધી સમસ્યાઓનો ઉકેલ રેશનાલીઝમમાં છે. સમજદાર બનો. રેશનલ બનો. વાસ્તવીક બનો. આપણી પીઠ ઉપર ચડી બેઠેલા ધાર્મીક/રાજકીય/સામજીક આગેવાનોને નીચે પછાડવાનું મુશ્કેલ છે; પરંતુ અશકય નથી, વીવેકબુદ્ધી-રેશનાલીઝમ જ આ બોજમાંથી મુકતી અપાવી શકે.

**આપણે સેકયુલર બનવવાને બદલે સાંપ્રદાયીક કેમ બની રહ્યા છીએ?**

* રવીશકુમાર કહે છે કે "આપણે સેકયુલર બનવાને બદલે સાંપ્રદાયીક બની રહ્યા છીએ. આ માનસીકતા આપણને એક દીવસ માનવ બોમ્બમાં બદલી નાખશે... નાગરીકની અંદર અને લોકશાહીની ભીતર વીપક્ષ નહીં હોય તો બધું ખોખલું બની જશે."
* શીક્ષણની નીષ્ફળતા/અંધશ્રદ્ધાળું નોકરશાહી/વહેમી ન્યાયતંત્ર/રૂઢીવાદી રાજકીય-સામાજીક નેતૃત્વ/સ્વામીઓ-બાપુઓ-બાબાઓ-સંતો-પ્રગટ બ્રહ્મસ્વરૂપ- કથાકારોની ભુતકાળલક્ષી સામંતવાદી વીચારધારા આપણને માનવમુલ્યોના રસ્તાના બદલે ધાર્મીક મુલ્યોના અવળે રસ્તે ચડાવે છે.

**વાસ્તવીક / રેશનલ બનવા માટે શું કરી શકાય ? ભુપેન્દ્રસીંહ રાઓલ**

૧. રેશનલ લોકો ઓલરેડી રેશનલ છે જ. એમની પાછળ સમય વ્યય કરવાનો અર્થ નથી.

૨. અતીશય ઝનુની ધર્માંધ આસ્તીકો પાછળ સમય બગાડવો નહીં, કારણ એમના બ્રેનની હાર્ડડીસ્ક ફુલ ભરાઇને કરપ્ટ થઈ ચુકેલી હોય છે, એ લાકડામાં જાય ત્યાં સુધી સુધરવાના નથી.

૩. આધેડ અને વૃદ્ધોમાંય સુધારાની બહુ શકયતા ન હોય, કારણ બ્રેનમાં નવી સર્કીટો બનાવવી અઘરી હોય છે.

૪. આપણી પાસે બે બ્રેન છે એક વીચારવંત, તર્કશીલ અને શબ્દોની ભાષા જાણતું, બીજુ એનીમલ બ્રેન છે, જે લાગણીશીલ અને સર્વાઈવલની જ ભાષા જાણે છે, એની પાસે

શબ્દો અને ભાષાની જગ્યાએ રસાયણો છે. એનીમલ  બ્રેનની તાસીર જેટલી સમજશો  એટલા વધુ રેશનલ બની શકાશે.

૫. બાળકો અને યુવાનોમાં ધીરજથી આડકતરી રીતે રેશનાલીઝમના પાઠ ભણાવી શકાય.

૬. બાળકો અને યુવાનોને પહેલાં વીચારતા શીખવો, પ્રશ્ન પુછતા કરો. આપણે ત્યાં સ્વતંત્ર રીતે વીચારવાનું અને પ્રશ્ન પુછવાનું સદીઓથી બંધ છે.

૭. ધર્મ, ઈશ્વર, શ્રદ્ધા અને આસ્તીકતા ઉપર સીધા ઘા કરશો તો આસ્તીક તમારી પાસે ઉભો જ નહીં રહે તો એને કઈ રીતે રેશનાલીઝમ શીખવશો ?

૮. વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમ વધે એવું શીક્ષણ આપો, તો ઓટોમેટીક ધર્મ, ઈશ્વર વગેરેમાં વીશ્વાસ કરવાનું ઘટશે. દા.ત. સ્કેન્ડિવીયન દેશો.

૯. તમે ૧૦માં પગથીયે ઉપર ઉભા છો, આસ્તીક પહેલે પગથીયે ઉભો છે. એને ઉપર રહ્યા રહ્યા બોલાવશો તો એ નહીં આવે, ગભરાશે. તમારે પહેલા પગથીયા સુધી નીચે ઉતરી એનો હાથ પકડી ઉપર લઈ જવાનો છે.

૧૦. Start thinking નું સુત્ર ભણાવો. ‘સંશયની સાધના’ કરવી પડે.

**રેશનાલીમ પણ રેશનલ હોવું જોઈએ, એટલે શું ?**

૧. રેશનાલીઝમ એ જડ વીચાર નથી. પ્રેમ, લાગણી, દયા, માયા, આત્મીયતા, ઔદાર્ય, વાત્સલ્ય વગેરે લાગણીઓ સાથે જીવવાનું છે. તેમાં લાગણીહીન વેદીયાવેડાને સ્થાન નથી. જરુર પડે તો પરહીત માટે જુઠું પણ પ્રેમથી બોલે. કોઈનું જીવન બરબાદ થતું અટકાવવા અસત્ય પણ બોલવું પડે.

૨. જીવતા માણસની લાગણીનો વીચાર કરવો પડે. રમણ પાઠક કહે છે, ‘મરણ પથારીએ પડેલી મા એવું ઈચ્છે કે માતાજીના દર્શન કરવા છે, તો હું મારા ખભે ઉપાડીને પણ મારી માને અંબાજીના દર્શન કરાવવા લઈ જાઉં. ‘રેશનાલીસ્ટ ઓલસો શુડ બી રેશનલ.’ આપણે રેશનલ હોઈએ; પત્ની ન પણ હોય; ત્યાં પ્રશ્ન અનુસાર વીવેકી બનવું પડે. જડતા હોય ત્યાં રેશનાલીઝમ ન હોય. એક રેશનાલીસ્ટ મીત્રને સ્વર્ગ ધરતી પર છે  એવા શીર્ષક સામે વાંધો છે, કેમ કે સ્વર્ગ શબ્દનો ઉલ્લેખ કેમ કર્યો !

૩. કટ્ટરતા / સખ્તાઈ સંબંધો બગાડે. કોઈ નજીક ન આવે. રેશનાલીઝમ એ એક પગ ઉંચો રાખવાની પ્રક્રીયા છે. બંને પગ ઉંચા રાખીને ઉભા ન રહી શકાય.

૪. અંધશ્રદ્ધાનો ઝનુનપુર્વક સામનો ન કરો, વીચારપુર્વક કરો.

૫. રેશનાલીઝમના બેઝીક મુલ્યો સમાનતા/ન્યાય/નાગરીક સ્વતંત્રતા/બંધુત્વ/ સેકયુલારીઝમ ઉપર તરાપ થતી હોય ત્યારે રેશનલ વ્યકતી/સંસ્થા ચુપ રહી શકે નહીં. ચુપ રહે તો તે ઈરેશનલ સંસ્થા છે.

૬. શ્રોતાઓને પ્રથમ વખતે જ રેશનલ બનાવવાના વલણથી દુર રહો. સવારમાં અગરબત્તી કરીને આવેલ વ્યકતી ધર્મ/ઈશ્વર વીરુદ્ધનું કંઈ સાંભળે નહીં. શરુઆતમાં ધર્મના / સંપ્રદાયના/કથાના નામે જે શોષણ થાય છે તેની ચર્ચા કરો. 'માતાજી નથી, ઈશ્વર નથી, હોય તો મને અત્યારે ભસ્મ કરી દે' એવા વીધાનો કરવાથી દુર રહો. રેશનલ વીચારો પ્રગટશે તો ધર્મ/ઈશ્વર/માતાજીના ખ્યાલો ખરી પડશે.

૭. સમાજને ઈશ્વરકેન્દ્રી નહીં, માનવકેન્દ્રી બનાવો.

૮. પત્ની રેશનલ ન હોય તો તેનો તીરસ્કાર થઈ શકે નહી, પરંતુ-

   A. ઘરમાં ધાર્મીક માહોલ ન રાખો. હવન/કથા ટાળો. વ્રત ઉપવાસ ટાળો. કર્મકાંડની અતાર્કીકતા વીશે ચર્ચા કરો. પુરુષ માટે સ્વર્ગ તો મહીલા માટે કેમ નહીં ? અંધવીશ્વાસથી થતા ગેરફાયદાની ચર્ચા કરો.

   B. ખુબ વાંચો. પરીવારને સમજાવો. તર્કપુર્ણ અને રેશનલ જવાબ આપો.

   C. ઈશ્વર નથી તો જગતનું સંચાલન કઈ રીતે થાય છે તે સમજાવો.

   D. ધર્મના કારણે થતા ઝગડાઓ/શોષણ/હત્યાઓનાં ઉદાહરણ આપીને સમજાવો.

   E. ભુકંપ/પુર/દુષ્કાળ શા માટે ? અકસ્માતમાં એક બે વર્ષના બાળકનું મોત થાય છે. શા માટે ? એક વ્યકતી ફાઈવસ્ટાર હોટલમાં જમે છે, અને બીજી વ્યકતી ભુખથી મરે છે, કેમ ? સમાજમાં ભેદભાવ/અન્યાય/ શોષણ કેમ ? ઈશ્વરની કોઈ સામાજીક જવાબદારી હોય કે નહીં ? તે સમજાવો.

   F. ચર્ચામાં બાળકોને સામેલ કરવા. નાનાં બાળકોમાં જીજ્ઞાસા વધુ હોય છે. તેમનામાં આડંબર હોતો નથી, અને તર્કપુર્ણ વાતોથી પ્રભાવીત થાય છે. કર્મકાંડ પ્રત્યે આગ્રહ હોતો નથી. તેથી ચર્ચામાં બાળકોની સામેલગીરી રાખવી.

G. તર્કપુર્ણ ચર્ચા દર અઠવાડીયે યોજવી, પછી ટેવ પડશે.

H. સારાં પુસ્તકો ઘરમાં રાખો, સફારી જેવું મેગેઝીન મંગાવો. ભગતસીંહના વીચારો કેવા હતા તે સમજાવો.

I. ધાર્મીક પાખંડો પાછળની સચ્ચાઈ સમજાવો. ધર્મ-લીંગ / જાતી આધારીત વીચારણા ભેદભાવ કરે છે. શોષણ કરે છે. નદીઓને ગંદી કરે છે તે સમજાવો.

J. પરીવારના સભ્યોને એવા કાર્યક્રમોમાં લઈ જાવ, જેમાં રેશનલ ચર્ચા હોય / માનવકેન્દ્રી બાબત હોય / પર્યાવરણની બાબત હોય.

K. પેરીયા / જયોતીબા ફુલે / ભગતસીંહ / ગૌતમબુદ્ધ / સ્ટીફન હોકીંગ વગેરેની ચર્ચા થતી હોય તેવા કાર્યક્રમમાં પરીવારને લઈ જાવ. શબ્દોના સાથીયા પુરતા લેખકોથી ચેતવો.

L. વીશ્વના એવા દેશોનું ઉદાહરણ આપો કે જે સમૃદ્ધ છે. વીકસીત છે, રેશનલ છે, અને આ કઈ રીતે શકય બન્યું તે સમજાવો. નેધરલેન્ડ અને તેની આજુબાજુના દેશોનાં ઉદાહરણ આપીને સમજાવો કે જ્ઞાન અને વીજ્ઞાનના કારણે પ્રગતી થાય છે, અને ધર્માંધ દેશોની પડતી થાય છે.

M. સોશ્યલ મીડીયામાં જે સારું આવે તેને વહેંચો. સામાજીક આંદોલન અંગે સમજ કરો. માનવ અધીકાર/પર્યાવરણ આંદોલન/નાગરીક સ્વતંત્રતા/ કાયદા સમક્ષ સમાનતા / રાજકીય જાગૃતી વીના વીકાસ શકય નથી તે સમજાવો. પરીવાર સાથે જોડાયેલા રહો. તેમનું જ્ઞાન અને તેમની સમજ વધે તે માટે મહેનત કરો. કયારેય અપમાન ન કરો. ‘તારી સમજમાં નહીં આવે’ એમ ન કહો. પ્રેમ અને સન્માન વ્યકતીને બદલી શકે છે.

**વાસ્તવીક માણસ / રેશનલ માણસ વધુ સુખી કેમ હોય છે ?**

* શરીરથી પર એવો કોઈ વીચાર નથી. સંવેદન નથી. લાગણી નથી. સ્મૃતી નથી, જીવન નથી, કશું જ નથી. આપણે મૃત્યુને પાછું ઠેલી શકીએ પણ તેને જીતી શકવાના નથી. જીવનની ક્ષણભંગુરતાને સ્વીકારીએ અને આનંદમય

જીવનની ખોજ ચલાવીએ. જેમાં વેદના ઓછામાંઓછી હોય અને વધુમાં વધુ આનંદ હોય. સુખી થવાનો એકમાત્ર રસ્તો છે તમે જેવી અપેક્ષા સેવો એવું જ તમે બીજાને આપો.

* રેશનાલીઝમ વાસ્તવમાં એક વૈચારીક ક્રાન્તી છે. વાસ્તવીક માણસ/રેશનલ માણસ વધુ સુખી હોય છે. એને અગરબત્તી કરવાની જરુર નહીં/પુજાપાઠ કરવાની જરુર નહીં/વાસ્તુદોષ નડે નહીં/ગ્રહો નડે નહીં/જયોતીષ ડરાવી શકે નહીં. ચમત્કારની વાતો સાંભળી જયાં ત્યાં દોડી જાય નહીં/ધાર્મીક ઉત્સવો સરઘસોમાં સમય વેડફે નહીં./બાવા-બાપુ-સ્વામી પ્રગટ બ્રહ્મસ્વરુપો પાસે ધબ્બો મરાવવા જાય નહીં/કથા બેસાડે નહીં કે કથામાં જઈ સમય બગાડે નહીં. જાત્રા કરે નહી. હોમહવનમાં સમયશકતીધન બગાડે નહીં. બોલો કેટલો ફાયદો થાય ! તન-મન-ધનનું શોષણ થાય નહીં. કોઈ રેશનલ મહીલાનું શોષણ કોઈ બાપુ કયારેય કરી શકે નહીં. રેશનાલીઝમ એટલે સુખ. રેશનાલીઝમ એટલે પરમ આનંદ. રેશનાલીઝમ એટલે સ્વર્ગ.

---

### સત્યશોધક સભાને મળેલાં દાન

(૧) સુરતના નીવૃત્ત અધ્યાપીકા કોકીલાબહેન મજીઠીયા તરફથી રૂા. ૭,૦૦૦. (૨) આપણી ઓફીસ શરુ થયા બાદ વધતા ખર્ચાને જાણે પહોંચી વળવામાં મદદગાર થતા હોય તેમ તારાબહેન પ્રેસવાલા દર મહીને-બે મહીને સત્યશોધક સભાને દાન કરતા રહે છે. આ મહીને પણ એમણે રૂા. ૫,૦૦૦/- નું દાન કર્યું છે. (૩) કલોલના નરેશકુમાર તરફથી પણ રૂા. ૪૦૦/- નું દાન મળ્યું છે. જે સર્વેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

---

**'સત્યાન્વેષણ'નું વાર્ષીક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARBOPARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે.**

# ગોપાળભાઈ ઈટાલીયાનું ઉદ્‌બોધન

આ વ્યાખ્યાનમાળાના બીજા વકતા ગોપાળભાઈએ અવૈજ્ઞાનીક અભીગમની નીશાનીઓનું વર્ણન કરતા જણાવ્યું કે ટી.વી, અખબારો અને સોસીયલ મીડીયામાં અંધશ્રદ્ધા ફેલાવતા સમાચારો અને મંતવ્યો એની નીશાની છે. બપોરે કરવામાં આવતી કથાઓ અને સાંજે થતી આરતીઓ એની નીશાની છે. તરત ફળ મળશે તેવી આશાએ દાયકાઓ સુધી થતા વ્રત એની નીશાની છે. શીક્ષણની દેવી એક મહીલા સરસ્વતીને અવૈજ્ઞાનીક રીતે સ્થાપવી એટલું જ નહીં મહીલાઓને જ શીક્ષણથી વંચીત રાખવી એ અવૈજ્ઞાનીકતા ઉપરાંત કૌટુંબીક-સામાજીક-અસમાનતાની ખરાબમાં ખરાબ નીશાની છે.

બીજી બાજુ, સામાજીક-આર્થીક વીકાસ માટે વૈજ્ઞાનીક અભીગમ, મંદીર-મસ્જીદને બદલે શાળાઓની સ્થાપના અને વૈજ્ઞાનીકતા વધારતા સોસીયલ મીડીયા પરના સંદેશા, પર્જન્ય યજ્ઞ જેવી બેવકુફ પ્રવૃત્તીનો સખત વીરોધ અને કહેવાતા ધાર્મીક શ્રાવણ-રમજાન જેવા મહીનામાં ભકતો તરફથી જ ચાલતા ભ્રષ્ટાચાર, કામચોરી અને અનૈતીકતા ઉઘાડા પાડી ધર્મ તો માત્ર ધંધો જ હોવાનો રહસ્યોદ્‌ઘાત જ સમાજનો વીકાસ કરશે.

છેવટે એમણે આ કાવ્ય રજુ કર્યું હતું.

મંદીર જોયુ, મસ્જીદ જોયું, દેરી દરગાહ સઘળુ જોયું
પંડીત જોયા, મૌલાના જોયા, પુજા ઈબાદત સઘળુ જોયું
મોટા મોટા પથ્થર જોયા, ખાલી ખાલી ગુંબજ જોયા
અંદર જોયું, બહાર જોયુ ઉપર નીચે સઘળુ જોયું
દાઢી જોઈ, ચોટી જોઈ, કથા તકરીરો મોટી મોટી જોઈ
વાણી જોઈ, વર્તન જોયું, સાચુ ખોટું સઘળુ જોયું.
ધર્મ જોયો, કર્મ જોયો, માણસાઈનો મર્મ જોયો
માળા જોઈ, તસબી જોઈ, ભજન કવાલી સઘળુ જોયું
અમીર જોયા, ગરીબ જોયા, ભીડભાડને ટોળાં જોયાં,
ઈશ્વર અલ્લાહ કયાંય ન જોયા, બાકી બીજુ સઘળું જોયું.

**સત્યશોધક સભાને મળતું દાન ૮૦-જી હેઠળ આવકવેરા રાહતપાત્ર છે.**

## માર્ટીન મેકવાન સંપાદીત 'ભેદભારત'માંથી

**૨૦૧૬**

જમ્મુ-કાશ્મીર રાજયના ઉંચાણવાળા વીસ્તારમાં દુષ્કાળ જેવી પરીસ્થીતી લઈને આદીવાસીઓ પોતાના ઢોર સાથે મેદાની વીસ્તારમાં આવવા લાગ્યા છે.

'ટ્રાઈબલ રીસર્ચ એન્ડ કલ્ચરલ ફાઉન્ડેશન'ના પ્રતીનીધીના જણાવ્યા પ્રમાણે, અપુરતા વરસાદને કારણે ઢોર માટે ઘાસની તંગી સર્જાતા દુષ્કાળગ્રસ્ત જમ્મુ-કાશ્મીરની પર્વતમાળામાં રહેતા ગુજ્જર પરીવારો શહેરો અને નગરોની પાસે આવવા લાગ્યા છે. તેઓ ઘાસ અને પાણી, બંનેની શોધમાં છે.

સંસ્થાના અહેવાલ પ્રમાણે, છેલ્લા થોડા મહીનામાં દુષ્કાળ ઉગ્ર બનતા ૧૪ હજાર જેટલાં ઢોર નાશ પામ્યાં છે, અને આદીવાસીઓ જીવતા રહેવા માટે સંઘર્ષ કરી રહયા છે.

સંસ્થાના પ્રતીનીધી જણાવે છે કે, 'આવી જ દુષ્કાળની પરીસ્થીતી ભારતના અન્ય રાજયોમાં પ્રવર્તી રહી છે. તે રાજયની સરકારો ઢોર માટે ઘાસચારો પૂરો પાડી રહી છે અને એમાં ૯૦ ટકા જેટલી સબસીડી આપે છે. આવાં જ પગલાં જમ્મુ-કાશ્મીરની સરકાર ભરે તેવી તેમણે માંગણી ઉઠાવી છે.' (ધ હીન્દુસ્તાન ટાઈમ્સ : ૨૫ ડીસેમ્બર, ૨૦૧૭)

૨૦૧૪ માં દલીતો સામે ૪૦,૪૨૧ અત્યાચાર નોંધાયા. ૨૦૧૫માં ૩૮,૬૭૭ થયા પણ ૨૦૧૬માં વધીને ૪૦,૮૦૧ થયા. વચન પ્રમાણે અત્યાચારો ઘટયા નહીં. દલીત અત્યાચારોને દર ૧૦ લાખ દલીત વસ્તીથી ભાગી અત્યાચારના પ્રમાણનો આંક બને છે. આ આંક મધ્યપ્રદેશમાં ૪૩, ગુજરાતમાં ૩૨, બીહારમાં ૩૪, આંધ્ર પ્રદેશમાં ૨૭, કેરાલામાં ૨૬, ઓરીસ્સામાં ૨૫ અને ઉત્તર પ્રદેશમાં ૨૫ રહ્યો. આમાંથી વધુ અત્યાચારનું પ્રમાણ ધરાવતા રાજયોમાં ભાજપની સરકાર છે.

સર્વોચ્ચ અદાલતે અત્યાચાર ધારામાં આપેલ ચુકાદો આપણી સામે છે. ભારતના સોલીસીટર જનરલે અદાલત સમક્ષ યોગ્ય વીગતો મુકી રજુઆત કરી ન હતી.

અન્ય એક ચુકાદામાં અલ્હાબાદ હાઈકોર્ટે યુનીવર્સીટી કક્ષાએ અનામત બેઠકોની નીતી રદ કરી. આ ચુકાદાથી અનામત બેઠકો ઘટશે. કેન્દ્ર સરકારે આ ચુકાદો સર્વોચ્ચ અદાલતમાં પડકારવાના બદલે તેને સમર્થન આપ્યું.

(પ્રો. સુખદેવ થોરાત, ઈન્ડીયન એકસપ્રેસ : ૨૦૧૬)

આ ફેરફારો ધ્યાનમાં લેતા એ જણાય છે કે ભુતકાળમાં જે રળીને દલીતોએ મેળવેલ હતું. 'તે ભાજપના ચાર વર્ષના શાસનમાં દલીતો ગુમાવી રહ્યા છે !'

(પ્રો. સુખદેવ થોરાત, ઈન્ડીયન એકસપ્રેસ : ૧૨ એપ્રીલ, ૨૦૧૮)

ઘટના હીમાચલ પ્રદેશના મંડી જીલ્લાના અંતરીયાળ સેરાજ વીધાનસભા વીસ્તારના મુરાહ ગામની છે. ગામના બીનદલીતોએ સામાજીક બહીષ્કાર કર્યો, દલીતોનો નહીં, પરંતુ બીનદલીતોનો !

ગામમાં ધાર્મીક મેળાવડો હતો. સારો ધર્મ સમાનતાની જ વાત કરે અને આભડછેટને ઢુંકડી ના આવવા દે તેવો સંદેશો ભકતજનોને અપાયો. આ સંદેશાથી અભીભુત થઈ પ્રથમવાર ૧૦ બીનદલીત કુટુંબ આભડછેટનો ત્યાગ કરી દલીતો સાથે એક પંગતે જમ્યાં.

એમના આ સામાજીક પરીવર્તનના સમાચાર ગામમાં ફેલાતા આભડછેટમાં માનતા અન્ય બીનદલીતોએ આ ૧૦ કુટુંબનો સામાજીક બહીષ્કાર કર્યો !

અહેવાલ અનુસાર, બાલીચોકી તાલીકાનાં દુજુ નરવાનગી, મુરાહ, પાનુ અને ગુરાન જેવાં ગામોમાં આભડછેટનું ચલણ ભારે છે. આ ઘટનાની ફરીયાદ થતાં પોલીસ તપાસ ચાલુ છે. (ધ ટાઈમ્સ ઓફ ઈન્ડીયા : ૧૦ ઓકટોબર, ૨૦૧૬)

*** ૨૦૧૯**

હીમાચલ પ્રદેશના ઠંડા અને પર્વતીય એવા લાહૌલ અને સ્પીતીના આદીવાસી યુવાનો માટે રોજગારીની મર્યાદીત તકને ધ્યાનમાં રાખી રાજય સરકારે પર્યાવરણને નુકસાન કર્યા વગર પ્રવાસીઓને ‘સ્નો લેપર્ડ’ (બરફમાં રહેતા ચીત્તા)ને બતાવી રોજગારી કમાવા માટે તાલીમ આપી છે. આ ચીત્તાઓ સ્થાનીક ભાષામાં ‘ભુખરું ભુત’ તરીકે પણ ઓળખાય છે.

છેરીંગ તાસી નામનો યુવાન ગ્રેજયુએટ છે. તેનું ગામ કીબ્બર સમુદ્રની સપાટીથી ૧૪,૨૦૦ ફુટની ઉંચાઈ પર આવેલું છે. શીયાળાની ૠતુ દરમીયાન વન્યજીવન જોવાના શોખીનોને આ ચીત્તાના દર્શન કરાવી તે રૂપીયા ૧,૦૦૦ થી ૫,૦૦૦ કમાય છે.

આ ચીત્તા પોતાની જાતને બરફ સાથે એવા રંગમાં જડી દે છે કે સામે હોય તો પણ એ હાલે ત્યારે જ દેખાય. હીમાચલ પ્રદેશમાં આ ચીત્તા ૯,૮૦૦ થી ૧૭,૦૦૦ ફુટની ઉંચાઈએ જોવા મળે છે.

સ્પીતી એ બરફનું રણ છે. અહીં રોજગારીની મર્યાદીત તક છે. છેલ્લાં થોડા વર્ષોમાં વન્યજીવન પ્રેમીઓ અહીં આવવા લાગ્યા છે.

(ધ હીન્દુસ્તાન ટાઈમ્સ : ૨૧ જાન્યુઆરી, ૨૦૧૯)

**૨૦૧૬**

ઘટના આંધ્ર પ્રદેશ રાજયના ગોદાવરી જીલ્લાના અમલાપુરમ્ ગામની છે. જાનકીપેટા વીસ્તારમાં બે દલીત ભાઈઓ, ૫૭ વર્ષના મોકાતી ચેલાશી અને રાજમ રહે છે.

તારીખ ૮ ઓગસ્ટ, ૨૦૧૬ની સાંજે ૭.૩૦ વાગ્યાના સુમારે દલીતભાઈઓને અન્ય ખેડુતે ફોન કરી પોતાને ત્યાં મરણ પામેલી ગાયનો નીકાલ કરવાનું કહ્યું હતું. બંને ભાઈઓ મૃત પશુના નીકાલનો વંશપરંપરાગત ધંધો કરે છે.

આથી બંને ભાઈઓ એક રીક્ષાવાળાને લઈ ગયા અને મૃત ગાય લઈ આવ્યા. નીયત કરેલ ખુલ્લી જગ્યામાં જયારે તેઓ મૃત ગાયનું ચામડું ઉતારતા હતા ત્યારે આઠ લોકો ત્યાં આવી પહોંચ્યા. બંને દલીત ભાઈ પર જીવતી ગાય મારવાનો આક્ષેપ મુકી આઠ લોકોએ બંને દલીત ભાઈઓને ઝાડ સાથે બાંધી, તેમના કપડાં ઉતારી તેમને માર મારતા ઈજા પામેલ ! બંને દલીત ભાઈઓને અસ્પતાલમાં દાખલ કરવામાં આવ્યા.

દેશભરમાં ઉનાની ઘટનાથી અજંપો હતો ત્યારે જ ઉના બનાવના થોડા દીવસો બાદ આ ઘટના બની. (એન.ડી.ટી.વી. : ૧૦ ઓગસ્ટ, ૨૦૧૬)

**૨૦૧૫**

૨૦૧૫ માં યોજાયેલ નેશનલ ફેમીલી હેલ્થ-સર્વે (NFHS-4)ના આંકડા દર્શાવે છે કે, ‘૩૨.૭ ટકા છોકરીઓનાં લગ્ન ૧૮ વર્ષ પહેલાં થયાં હતાં. વધુમાં સર્વે દરમીયાન ૧૪ થી ૧૯ વચ્ચેની ઉમ્મરવાળી દર ૮ માંથી ૧ (અર્થાત્ ૧૨.૫%) એવી છોકરીઓ જોવા મળી છે, જે મા બની ચુકી હતી. છોકરીઓ પર વહેલા લગ્ન કરવા જેટલું જ દબાણ તે બાળકો પેદા કરી શકે છે કે નહીં તે પુરવાર કરવા માટે થતું હોય છે.’

તાજેતરમાં યોજાયેલ આ વીષય પરના એક આંતરરાષ્ટ્રીય અભ્યાસમાં જોવા મળ્યું કે ભારતના ઘણા ભાગમાં છોકરીઓને નાની ઉંમરે લગ્નમાં ધકેલવામાં આર્થીક અને સામાજીક પરીબળોનું વર્ચસ્વ હોય છે. કાયદા અનુસાર, બાળલગ્ન ગુનો જરુર છે પણ પુરુષપ્રધાન અને લીંગઆધારીત ભેદભાવવાળી સામાજીક વ્યવસ્થામાં લોકો બાળલગ્નને અસામાન્ય તરીકે જોતા નથી.

આંકડા બોલે છે, ‘૨૦૧૧ ની વસ્તી ગણતરી પ્રમાણે, ૧૦ થી ૧૯ વર્ષની વયનાં ૧ કરોડ ૭૦ લાખ ભારતીય બાળકો ૨૦૧૧માં પરણેલા હતાં ! આમાંના ઘણાં આંધ્ર પ્રદેશ અને તેલંગણામાં રહે છે, જયાં બાળલગ્નો વ્યાપક પ્રમાણમાં થાય છે.’

ઉપરોકત અભ્યાસમાં ૩,૦૦૦ બાળકો પર ૨૦૦૨ થી ૧૦ વર્ષ સુધી નજર રાખવામાં આવી હતી. સ્થાનીક કાર્યકરોની મદદથી આંધ્ર પ્રદેશ અને તેલંગણામાં જાણવા મળ્યું કે ‘૩૭ ટકા છોકરીઓના લગ્ન છોકરી ૧૯ વર્ષની થાય તે પહેલાં જ કરી દેવામાં આવે છે. બીજી ૨૮ ટકા છોકરીઓને તેમના ૧૮ મા જન્મદીવસ પહેલાં પરણાવી દેવામાં આવે છે. રસપ્રદ એ છે કે ૧ ટકા કરતા ઓછા છોકરાઓને તેઓ ૧૮ વર્ષના થાય તે પહેલાં પરણાવવામાં આવે છે.’ (‘ધ બેટર ઈન્ડીયા ૨૪-૨૦૧૬)

**૨૦૧૭**

* કર્ણાટક રાજયના કાલબુર્ગી જીલ્લામાં જવારંગી તાલુકામાં ચન્નુર નામનું નાનકડું ગામ આવેલું છે. પાટનગર બેંગ્લોરથી ૬૪૦ કી.મી. દુરનું આ ગામ છે. ગામમાં પાણી પીવાના ૭ કુવા છે. તેમાંનો એક કુવો ગામથી ૨૦૦ મીટર દુર આવેલો છે. તે દલીતો માટે અનામત છે. અગાઉ કુવાની બાજુની જમીન દલીતોની હતી એટલે તેમનો કુવો પણ અહીં બન્યો. દલીતો બીજા ૬ કુવામાંથી પાણી ભરી શકતા નથી.

૪ વર્ષ પહેલાં દલીત જમીન માલીકે આ કુવાની બાજુની પોતાની જમીન ગૌલુપ્પાગૌડા કલ્લપ્પાગૌંડા કુકનુરને ત્યાં ગીરવી મુકી, ત્યારથી દલીતોને આ કુવામાંથી પાણી મેળવવું મુશ્કેલ થઈ પડયું છે.

ગૌલપ્પાગૌડાએ શરુઆત કુવામાં મરેલાં કુતરાં, બીલાડાં અને સાપ નાંખવાથી કરી. દલીતોએ આ મૃત પશુઓ કુવામાંથી બહાર કાઢી પાણી પીવાનું ચાલુ રાખ્યું.

૨૯ મી ઓગસ્ટ, ૨૦૧૭ના દીવસે ગૌલપ્પાગૌડાએ કુવામાં 'એન્ડોસલ્ફન' નામની જંતુનાશક દવા નાંખી. આ દવાથી માનવોમાં પ્રજાજનશકતીની ખામી, કાયમી મગજની બીમારી, નવજાત શીશુમાં ઓટીઝમ નામનો ગંભીર રોગ થતાં હોવાથી દુનીયાના ઘણા દેશોમાં આ દવાના વપરાશ પર પ્રતીબંધ મુકાયો છે. આની અસરથી વ્યકતીને ધ્રુજારી, ચકકર, ઊલટી, શ્વાસની તકલીફ જેવા લક્ષણો તરત જ શરૂ થઈ જાય છે.

(ધ ન્યુઝ મીનટ : ૬ સપ્ટે. ૨૦૧૭, ધ કવીન : ૬ સપ્ટે.-૨૦૧૭)

**૨૦૧૪**

એમનું નામ કલુર બાબુ. એ મંજીરાવાદક છે અને મોટા કલાકાર છે. તારીખ ૫ મી જાન્યુઆરી, ૨૦૧૪ ના રોજ તેમની ઈચ્છા મંદીરમાં મંજીરા વગાડવાની પોતાની કલા પ્રદર્શીત કરવાની હતી તેમના કહેવા પ્રમાણે પોતે દલીત હોવાથી તેમને મંદીરમાં મંજીરાં વગાડવા ન દીધાં.

કેરાલાના ગરુવાયુર શ્રીકૃષ્ણ મંદીરની હેઠળ આવતા એદાતરીકાથું કાવું મંદીરમાં પંચવાધમવીધી ચાલી રહી હતી, તેમાં મંજીરા કલાકાર કલુર બાબુને એ દલીત હોવાથી ભાગ લેવા ન દીધો. તેવા સમાચારપત્રોના અહેવાલથી ગુરુવાયુર દેવસ્થાનમના અધ્યક્ષ ટી.વી. ચંદ્રમોહને ટીકા કરી.

**(વધુ ટા.-૪ ઉપર)**

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2019-2021 (with prepayment of postage)

**(ચાલુ ટાઈટલ–૩ નું)**

‘પંચવાદ્યમ’નો અર્થ થાય છે, ‘પાંચ પ્રકારનાં વાંજીંત્રોના સમુહ.’ એમાંનું એક વાંજીત્ર ‘મંજીરા’ છે. આ વાદન બે કલાક ચાલે છે.

ચંદ્રમોહને કહ્યું કે, આવા (કાલુર બાબુને ભાગ ન લેવા દેવાના) નીર્ણયને ‘દલીત’ હોવા સાથે સંબંધ નથી. તેમણે કહ્યું કે, ‘મંદીરવીધીમાં ઉપલી જાતીના લોકો માટે પણ થોડાં નીયંત્રણ હોય છે !’

ચંદ્રમોહને ઉલ્લેખ કરી યાદ દેવડાવ્યું કે, મંદીરમાં અમુક પરંપરા અનુસાર વીધી થવી જોઈએ. તેવું આંદોલન ૨૫ વર્ષ પહેલાં નારાયણશ્રમ તપોવનમના વડાસ્વામી ભુમાનંદા તીર્થાએ ચલાવેલું ત્યારથી ભાગ્યવતી-મંદીરમાં પંચવાદ્યમની પરંપરા દાખલ થઈ. છેલા ૨૫ વર્ષમાં આવી પરંપરાનો કયારેય ભંગ થયો નથી ! (ધ હીન્દુ : ૧૯ જાન્યુઆરી, ૨૦૧૪)

**‘સત્યાન્વેષણ’ને સફળતાની**



**શુભેચ્છા...**



**એક શુભેચ્છક તરફથી**

**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ફોન નં.–(૦૨૬૧) ૨૫૯૦૮૪૭ ખાતે ‘સત્યાન્વેષણ’ છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**